મે.સુરતના બીજી મજુર અદાલતના ન્યાયાધીશશ્રી જી.જે.થોરીયા સાહેબની કોર્ટમાં

ફોજદારી કેસનંબર :- ૫૩/૨૦૨૪
આંક :-૧૪

ફરીયાદી – સરકારશ્રી

વિરુધ્ધ

આરોપી -(૧) ઈન્ફિનીટી રિટેલ લીમિટેડ (ક્રોમા) – સંસ્થા
સરનામુ- સી૧ બ્લોક નં.૩૬૪, ફુટપ્રિન્ટ કેમ્પસ, સ્મીટન ફેકટરીની બાજુમાં, સુરત અંકલેશ્વર હાઈવે, ગામ.નંદાવ, તા.માંગરોલ, સુરત-૩૯૪૧૨૫

ગુનો : લઘુત્તમ વેતન અધિનિયમ-૧૯૪૮ અને અધિનિયમ હેઠળનાં ગુજરાત નિયમો ૧૯૬૧ના નિયમ-૨૬-ડી, ૨૬(૨),૨૬-બી(૧)

-: ચુકાદો :-

ઉપરોકત જણાવેલ આરોપી/ઓ સામે સરકારી મજુર અધિકારીશ્રી, સુરતનાએ ઉપર જણાવ્યા મુજબના ગુન્હા માટે ફરીયાદ નોંધાવી છે. ત્યારબાદ આરોપી/ઓને સદરહુ ગુના માટે સમન્સ કાઢતા નામદાર કોર્ટમાં રૂબરૂ આરોપી/ઓ હાજર થતાં તેઓને ફરીયાદની નકલ આપી. તેઓને ફરીયાદમાં જણાવેલ તહોમત મારી રૂબરૂ વાંચી સંભળાવી સમજાવતા તેઓએ તેમની સામે થયેલા ગુના અંગે સ્વૈચ્છિક કબુલાતનું લેખીત નિવેદન કરેલ છે જે **આંક-૧૨** થી રજુ છે અને **આંક-૧૩** થી સ્વૈચ્છિક કબુલાત પુરસીશ આપી માત્ર દંડની સજા કરવા વિનંતી કરી છે.

આરોપી/ઓએ પ્રથમ તબકકે સ્વેચ્છાએ કબુલાત કરી હોઈ તેમની કબુલાત સ્વીકારી તેઓને **લઘુત્તમ વેતન અધિનિયમ-૧૯૪૮ની કલમ-૨૨ એ** ના ભંગ બદલ શિક્ષાને પાત્ર ગુનો તકસીરવાર ઠરે છે. આરોપી/ઓ સામે આક્ષેપીત ગુનાનો પ્રકાર, ગુનાની ગંભીરતા, સજાનુ પ્રમાણ, આરોપીની સામાજીક આર્થિક જવાબદારી, આરોપીનો પુર્વ ઈતિહાસ ધ્યાને લઈ આરોપી/ઓને વધુ સજા ન કરતા માત્ર દંડની સજા કરવાથી ન્યાયનો હેતુ જળવાય તેમ હોય નીચે મુજબનો આખરી હુકમ કરુ છું.

-: આખરી હુકમ :-

આરોપી સામે **લઘુત્તમ વેતન અધિનિયમ-૧૯૪૮ અને અધિનિયમ હેઠળનાં ગુજરાત નિયમો ૧૯૬૧ના નિયમ-૨૬-ડી, ૨૬(૨),૨૬-બી(૧)** ના ઉલ્લંઘન બદલ સદરહુ અધિનિયમની **કલમ-૨૨ એ** મુજબ શિક્ષાપાત્ર ગુના અંગે દરેક નિયમના ઉલ્લંઘન માટે તકસીરવાર ઠરાવી દરેક આરોપી/ઓને દરેક નિયમના ઉલ્લંઘન બદલ રૂ.૪,૦૦૦/- (અંકે રૂપિયા ચાર હજાર પુરા) નો દંડ ભરવા અને જો દંડ ન ભરે તો તેના કસુર બદલ દિન-૧૦ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

ઉપરોકત હુકમ મુજબ આરોપી નં.૧ પાસે સદર કામે **કુલ રૂ.૧૨,૦૦૦ /- (અંકે રૂપિયા બાર હજાર પુરા)** વસુલ મેળવવા તેમજ આરોપી નં.૨ પુરતો કેસ ચાલુ રાખવો.

આ હુકમ આજરોજ તારીખ ૦૧લી, માહે-ફેબ્રુઆરી, સને-૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં મારી સહી કરી વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

તા.૦૧-૦૨-૨૦૨૫
સ્થળ : સુરત.

(ઘનશ્યામ જી. થોરીયા)
એડી. ચિફ જયુ.મેજી.
મજુર અદાલત, સુરત.
U.I.C. No. GJ00842